RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 320, Dt.2-4-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વકફ સુધારા બિલ લોકસભામાં રજૂ

## આજે લોકસભામાં સુધારા ખરડો પસાર કરાવ્યા બાદ કાલે રાજયસભાની પણ મંજુરીનો સરકારને વિશ્વાસઃ જનતાદળ (યુ) અને ટીડીપીનું સમર્થનઃ વક્ફ બિલમાંથી સેક્શન ૪૦ હટાવાઈ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વકફ સુધારા બિલ પર લોકસભામાં ચર્ચા શરૂ. કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુ તેને પ્રશ્નકાળ પછી બપોરે ૧૨ વાગ્યે ગૃહમાં ચર્ચા માટે રજૂ કરશે. સ્પીકર ઓમ બિરલાએ બિલ પર ચર્ચા માટે ૮ કલાકનો સમય નક્કી કર્યો છે. તેમાંથી ગઉઅને ૪ કલાક ૪૦ મિનિટનો સમય આપવામાં આવ્યો છે, જ્યારે વિપક્ષને બાકીનો સમય મળ્યો છે.

ચંદ્રબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટી (ઝઉડ) અને નીતિશ કુમારની જનતા દળ યુનાઈટેડ (ઉંઉઅ)એ બિલને સમર્થન જાહેર કર્યું છે. બંને પક્ષોએ પોતાના તમામ સાંસદોને ગૃહમાં હાજર રહેવા વ્હીપ પણ જાહેર કર્યો છે.

બીજી તરફ, વિપક્ષ બિલનો વિરોધ કરી રહ્યો છે. તમિલનાડુના એઆઈએડીએમકે, નવીન પટનાયકના બીજુ જનતા દળ અને કે ચંદ્રશેખર રાવની ભારત રાષ્ટ્ર સમિતિ જેવા તટસ્થ પક્ષો પણ આ મામલે વિપક્ષ સાથે છે. ગઈકાલે, ઈન્ડિયા બ્લોકના પક્ષોએ સંસદ ભવનમાં એક બેઠક યોજી હતી અને બિલ પર તેમની વ્યૂહરચના અંગે ચર્ચા કરી હતી.

આ ઉપરાંત, વિપક્ષે ચર્ચાનો સમય વધારીને ૧૨ કલાક કરવાની માંગ કરી છે. આ અંગે સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે ચર્ચાનો સમય વધારી શકાય છે. દેશ એ પણ જાણવા માંગે છે કે કયા પક્ષનું વલણ શું છે.

દેશમાં ત્રીજા નંબરની સૌથી વધુ સંપતિ ધરાવતા સુન્ની મુસ્લીમોના વર્ચસ્વ હેઠળના વકફ બોર્ડ એક્સ સુધારા ખરડાના મુદે આજે સંસદ સમરાંગણ બનશે. ગત વર્ષે લોકસભામાં રજુ થયેલા આ સુધારા ખરડાને વધુ ચર્ચા-સંવાદ માટે સંયુક્ત સંસદીય સમીતીને મોકલાયા બાદ કેન્દ્રીય કેબીનેટે પણ અનેક સુધારા સાથેનો આ ખરડો મંજુર કર્યો છે.

હવે આજે સંયુક્ત સંસદીય સમીતીના વડા અને સીનીયર સાંસદ જગદંબીકાપ્રસાદ પાલ રજૂ કરશે. આ નવા સુધારેલા ખરડામાં ૧૪થી વધુ સુધારાને સમાવાયા છે અને વિપક્ષો તરફથી કુલ ૫૭૨ સુધારા રજુ થયા હતા અને તેમાં ૪૪ પર ચર્ચા બાદ ૧૪ સ્વીકારાયા છે.

ગઈકાલે જ સરકારે સુધારા ખરડો આજે લોકસભામાં રજૂ કરવા જાહેરાત કરતા જ દિલ્હીનું રાજકીય વાતાવરણ ગરમ બની ગયુ હતું. ખાસ કરીને ભાજપ નેતૃત્વની સરકારને મહત્વપૂર્ણ ટેકો આપી રહેલા જનતાદળ (યુ) તથા તેલુગુદેશમ પક્ષ હવે આ ખરડા પર કેવું વલણ અપનાવે છે તે સસ્પેન્સ જો કે થોડા કલાકોમાં જ ખત્મ થયો હતો.




કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહે બન્ને પક્ષોના સાંસદો સાથે વાતચીત કરી હતી અને આ ખરડા પાછળ મુસ્લીમ સમુદાયના વ્યાપક હિત માટેની સરકારી ભૂમિકા દર્શાવતા આ બન્ને પક્ષોએ ખરડાની તરફેણમાંજ મતદાન કરવાની જાહેરાત કરતા લોકસભામાં આ ખરડો આસાનીથી મંજુર થઈ જશે તે નિશ્ચિત બન્યુ છે.

આજે લોકસભામાં આ ખરડા પર ૮ કલાક ચર્ચા અને મતદાન થશે. ૮ કલાકની ચર્ચામાં ભાજપ-સાથી પક્ષો તથા વિપક્ષોને ૪-૪ કલાકનો સમય અપાયા છે અને બાદમાં જરૂર પડે મતદાન થશે. લઘુમતી બાબતોના મંત્રી શ્રી કિરણ રિજુ ચર્ચાનો પ્રારંભ કરશે અને ગૃહમંત્રી શ્રી અમીત શાહ સહિત ભાજપના વરિષ્ઠ સભ્યો પણ ચર્ચામાં ભાગ લેશે.

ભાજપ તથા વિપક્ષોએ લોકસભામાં હાજર રહેલા તેમના તમામ સાંસદોને વ્હીપ આવ્યા છે તો બીજી તરફ હવે મતદાન પરનું ચિત્ર સ્પષ્ટ થતા વિપક્ષો મતદાનનો બહીષ્કાર કરે તેવી ધારણા છે અને તમો વોકઆઉટ કરી શકે છે તો કાલે રાજયસભામાં આ ખરડો રજુ થશે.

લોકસભામાં ભાજપ એનડીએના ૨૯૩ વિપક્ષ પાસે ૨૩૭ મતો છે. રાજયસભામાં ૨૩૬ સભ્યોએ ભાજપના ૯૮ સહિત ૧૨૫ સભ્યોની બહુમતીથી આ ખરડો મંજુર કરાવવા સરકાર વિશ્વાસ ધરાવે છે. વિપક્ષ પાસે ૮૮ સભ્યો છે. આમ સંસદનું વર્તમાન સત્ર તા.૪ના રોજ પુરુ થાય તે પુર્વે વકફ સુધારા ખરડો મંજુર થઈ જશે તેવો સરકારને વિશ્વાસ છે.

# ડીસા અગ્નિકાંડના પરપ્રાંતિય મૃતકોનાં મૃતદેહને મધ્યપ્રદેશ લઈ જવાય

## પોલીસ પાયલોટીંગ સાથે જયારે મૃતદેહો લઈ એમ્બ્યુલન્સનો કાફલો રવાના થયો ત્યારે સગા - સબંધીઓ ચોધાર આંસુએ રડી પડયા

**મુખ્ય સમાચાર,ડીસા**

ગઈકાલે ડીસામાં ફટાકડાની ગેરકાયદે ફેકટરીમાં વિસ્ફોટો સાથે લાગેલી ભયાનક આગમાં ૨૧ થી વધારે પરપ્રાંતિયોનાં મોત થયા હતા.આ ઘટનાએ પુરા દેશમાં ખળભળાટ જગાવ્યો હતો.

આજે વહેલી સવારે પરપ્રાંતિય મૃતકોનાં મૃતદેહને પોલીસ પાયલોટીંગ સાથે એમ્બ્યુલન્સના કાફલા સાથે ડીસાથી મધ્યપ્રદેશ રવાના કરવામાં આવ્યો ત્યારે મૃતકોનાં સબંધીઓ ચોધાર આંસુએ રડી પડયા હતા. બીજી બાજુ ડીસા અગ્નિકાંડના ફેકટરી માલીક દીપક મોહનાની અને ખુબચંદ મોહનાની પોલીસે ધરપકડ કરી હતી.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ગઈકાલે ડીસામાં ફટાકડાની ફેકટરીમાં વિસ્ફોટો સાથે ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. આ વિસ્ફોટો એટલા તો ખતરનાક હતા કે ફેકટરીનાં ગોડાઉનની છત તૂટી પડી હતી. જેની નીચે અનેક પરપ્રાંતિય શ્રમિકો દબાઈ ગયા હતા. અનેક મજુરો દાઝી ગયા હતા આ કરૂણાંતિકામાં ૨૧ જેટલા પરપ્રાંતિય મજુરોનાં મોત થયા હતા.

આ ડીસામાં અગ્નિકાંડની ફેકટરીએ દેશભરમાં ખળભળાટ ફેલાયો છે.



આજે વહેલી સવારે ડીસાથી પોલીસ પાયલોટીંગ સાથે પરપ્રાંતિય શ્રમિકોનાં મૃતદેહ એમ્બ્યુલન્સના કાફલામાં મધ્યપ્રદેશ મોકલાયા હતા ત્યારે મૃતકોનાં સગા સબંધીઓ ચોધાર આંસુએ રડી પડયા હતા.

ડીસામાં આવેલી ગેરકાયદે ફટાકડાની ફેકટરીનાં માલીક દીપક મોહનાની અને ખુબચંદ મોહનાનીની પોલીસે ઈડરથી ધરપકડ કરી છે.

# ભારતે આકરા અમેરિકી ટેરીફથી બચવા કૃષી સહિતના અમેરિકી ઉત્પાદનો માટે ટેરીફ ઘટાડવાનો તખ્તો તૈયાર કર્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે ભારત સહિતના દેશો સામે રેસિપ્રોકલ (જવાબી) ટેરીફની જાહેરાત કરે તેના કલાકો ગણાય છે તે વચ્ચે ભારતે હવે આકરા અમેરિકી ટેરીફથી બચવા કૃષી સહિતના અમેરિકી ઉત્પાદનો માટે ભારતની ટેરીફ ઘટાડવાનો તખ્તો તૈયાર કરી લીધો છે અને અમેરિકી પ્રતિનિધિઓ સાથે બન્ને દેશો વચ્ચે દ્વીપક્ષી વ્યાપાર કરવાની જાહેરાત થશે.

હાલમાં જ અમેરિકાની મુલાકાત લઈ આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ખુદ આ પ્રક્રિયામાં સામેલ થયા છે અને સમગ્ર હિલચાલનું વડાપ્રધાન કાર્યાલય જ હેન્ડલીંગ કરી રહ્યું છે. હાલમાં જ અમેરિકાનું ઉચ્ચ કક્ષાનું વ્યાપાર પ્રતિનિધિમંડળ ચાર દિવસ નવી દિલ્હીમાં હતું અને તે ટ્રમ્પનું ડિમાન્ડ લીસ્ટ-ભારતના વ્યાપાર મંત્રાલયને સુપ્રત કરી ગયુ છે.

હવે અમેરિકાના આકરા ટેરીફથી બચવા ભારત તેના અમેરિકી ઉત્પાદન માટેના ટેરીફ ઘટાડીને આ ઉત્પાદનો ભારતમાં સરળતાથી આયાત થાય તે નિશ્ચિત કરશે. ગઈકાલે જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સંકેત આપી દીધો હતો કે ભારત ટેરીફ ઘટાડવા સંમત થયુ છે. ફકત ભારત જ નહી અનેક દેશો આ કરી રહ્યું છે. ભારતની ચિંતા અમેરિકાના ડેરી, કૃષી, ઉત્પાદનો અને જીનેટીકલી મોડીફાઈડ ખાદ્યપદાર્થોનો મોટો પ્રવાહ ભારતમાં ચાલુ થાય તો સ્થાનિક કૃષીથી લઈને નાના ઉત્પાદકો માટે સમસ્યા સર્જાઈ શકે છે અને તેથી



જ રાજકીય રીતે પણ આ મુદો સંવેદનશીલ બની ગયો છે અને ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમાં હવે સક્રીય રીતે સમગ્ર ગતિવિધિ પર દેખરેખ રાખી રહ્યા છે.

ખાસ કરીને ભારતમાં આ પ્રકારના ઉત્પાદનોની માંગ તેમના માટે બજારમાં જગ્યા અને સ્થાનિક હિતો એ ભારતે તેની પ્રાથમીકતા નકકી કરવાની રહે છે. ખાસ કરીને કૃષી, ડિજીટલ ગર્વનન્સ, આરોગ્ય ક્ષેત્રે આ પ્રશ્નોમાં ભારતે તેની ખાદ્ય સુરક્ષાની પણ ચિંતા કરવાની છે. અમેરિકા પ્રાણી ખોરાક પણ અનેક ભારતીય દુધાળા પ્રાણીઓ માટે નજોખમથ છે. ઉપરાંત અમેરિકી ખોરાક પણ ભારતના સાંસ્કૃતિક મુલ્યો મુજબના નથી. આ ઉપરાંત અમેરિકી ડીજીટલ સેવા એ ભારતના અનેક નિયમો મુજબ ફીટ નથી તેથી અમેરિકી કૃષી ઉત્પાદનો કે ફુટ આઈટમમાં સરકારની ચિંતા સૌથી વધુ છે.

# કોર્ટને વ્યાજદર નક્કી કરવાનો અને તે ક્યારથી આપવાનો રહેશે તે નક્કી કરવાનો અધિકારઃસુપ્રિમ

## બાવન વર્ષે સુપ્રિમ કોર્ટમાં કેસનો નિકાલઃ૩૨ પાનાના ચુકાદામાં ન્યાયાધીશ મહાદેવને કહ્યું કે, આ સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે, અદાલતોને કાયદા અનુસાર તમામ તથ્યો અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને યોગ્ય વ્યાજદર નક્કી કરવાની સત્તા છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે મંગળવારે મહત્ત્વનો ચુકાદો આપતા કહ્યું છે કે, કોર્ટને વ્યાજદર નક્કી કરવાનો અને તે ક્યારથી આપવાનો રહેશે તે નક્કી કરવાનો અધિકાર છે. આ અધિકાર દરેક કેસના તથ્યો પર આધાર રાખે છે જે, વ્યાજ મુક્તિની તારીખ, તે પહેલાં અથવા ડિક્રિની તારીખથી આપવામાં આવશે.

જસ્ટિસ જે.બી પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે ૫૨ વર્ષ લાંબી કાયદાકીય લડતનો અંત લાવતા સમયે પોતાના આદેશમાં આ ટિપ્પણી કરી હતી. જેમાં રાજસ્થાન સરકાર અને આઈ. કે. મર્ચેન્ટ્સ પ્રાઈવેટ લિ. સહિત ખાનગી પક્ષો વચ્ચે રાજ્ય સરકારને આપલા શેરના મૂલ્યાંકન પર વિવાદ હતો.

ખંડપીઠે શેરના મૂલ્યની વિલંબિત ચુકવણી પર લાગુ થતા વ્યાજ દરોમાં પણ સુધારો કર્યો. ૩૨ પાનાના ચુકાદામાં ન્યાયાધીશ મહાદેવને કહ્યું કે, આ સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે, અદાલતોને કાયદા અનુસાર તમામ તથ્યો અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને યોગ્ય વ્યાજ દર નક્કી કરવાની સત્તા છે.

ખાનગી પેઢીએ કોલકાતા હાઈકોર્ટના આદેશ સામે અપીલ દાખલ કરી હતી. જેમાં મેસર્સ રે એન્ડ રે દ્વારા રાખવામાં આવેલા શેરની ઈશ્યુ કિંમત ૬૪૦ રૂપિયા પ્રતિ શેર જાળવી રાખવામાં આવી હતી અને વાર્ષિક પાંચ ટકાના દરે સાદું વ્યાજ આપવામાં આવ્યું હતું. જયારે ખાનગી પેઢીએ વ્યાજમાં વધારો કરવાની માંગ કરી, ત્યારે રાજ્ય સરકારે આ કિંમતને ચેલેન્જ કરી હતી.



૧૯૭૩ના આ વિવાદમાં અપીલકર્તાઓ દ્વારા રાજસ્થાન રાજ્ય ખાણ અને ખનિજ લિ. ના શેર રાજ્યને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ચુકવણીમાં વિલંબને ધ્યાનમાં લીધો અને આદેશ આપ્યો કે અપીલકર્તાઓ વ્યાજ રૂપે યોગ્ય વળતર મેળવવા માટે હકદાર છે.

# મહારાષ્ટ્રમાં ત્રિપલ અકસ્માતમાં ૫ ના મોત

## બોલેરો - બસ અથડાયા બાદ ખાનગી બસ પણ ઘુસી ગઈ : ૨૪ ઘાયલ

**મુખ્ય સમાચાર,મુંબઈ**

મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના શેગાંવ ખામગાંવ હાઈવે પર એક ભયંકર ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ઘટનાસ્થળે જ ૫ જેટલાં લોકો મૃત્યુ નિપજયા હતા.

મળતી માહિતી અનુસાર એક ખાનગી બસ, એક એસ.ટી. બસ અને બોલેરો વચ્ચે આ ભીષણ અકસ્માત સર્જાયો હતો. વહેલી સવારે પૂરપાટ ગતિએ દોડતી બોલેરો કાર એસ.ટી.બસ સાથે અથડાઈ હતી. જેના લીધે પાછળ આવતી ખાનગી બસ પણ આ અકસ્માતમાં લપેટાઈ ગઈ હતી. ભયાનક અકસ્માતમાં ૫ લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા.

જોકે ૨૪ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બોલેરો કારનો તો કચ્ચરઘાણ થઈ ગયો હતો. બે બસ પણ અકસ્માતની લપેટમાં આવી જતાં ઈજાગ્રસ્તોનો આંકડો પણ ૨૪ પહોંચી ગયો હતો.



ઘટના વહેલી સવારે સર્જાઈ હતી. પોલીસને જાણકારી મળતાં ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# ટોલ ટેક્સમાં ૫% નો વધારો થતા હાઈવે અને એક્સપ્રેસ વે પર મુસાફરી મોંઘી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતમાં, દર વર્ષે ૧ એપ્રિલથી ટોલ ટેક્સના દર બદલાય છે અને ૧ એપ્રિલ, ૨૦૨૫ થી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) વાહન માલિકોના ખિસ્સા પર વધુ બોજ નાખી દીધો છે. હા, રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે પર મુસાફરી કરવી હવે મોંઘી થઈ ગઈ છે. NHAI એ ટોલ ફીમાં ૪-૫ ટકાનો વધારો કર્યો છે. આ વધારો ૧ એપ્રિલથી અમલમાં આવ્યો છે. આ સુધારાને કારણે, દિલ્હી-મેરઠ એક્સપ્રે સવે, ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે અને દિલ્હી-જયપુર હાઈવે જેવા રૂટ પર મુસાફરી -ભાવિત થશે. ગઈંઅઈ એ દેશભરના હાઈવે અને એક્સ-ેસ વે પર ટોલ ટેક્સમાં વધારો કર્યો છે. આ ફેરફાર જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) પર આધારિત ફુગાવાને કારણે છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ તમામ રાષ્ટ્રીય હાઈવે અને એક્સપ્રેસવે માટે નવા ટોલ દર જાહેર કર્યા છે.

તમને જણાવી દઈએ કે દેશમાં લગભગ ૮૫૫ ટોલ પ્લાઝા છે. અહીં નેશનલ હાઈવે ફી (દર નિર્ધારણ અને વસૂલાત) નિયમો, ૨૦૦૮ મુજબ કર વસૂલવામાં આવે છે. આમાંથી, લગભગ ૬૭૫ ટોલ પ્લાઝા સરકાર દ્વારા બનાવવામાં આવ્યા છે. બાકીના ૧૮૦ ટોલ પ્લાઝા ખાનગી કંપનીઓના છે. આ કંપનીઓ હાઈવે બનાવવાનું કામ કરે છે. તમને જણાવી દઈએ કે ટોલ ફીમાં સુધારો કરવો એ વાર્ષિક પ્રક્રિયા છે. આ જથ્થાબંધ ભાવ સૂચકાંક આધારિત ફુગાવામાં ફેરફાર




સાથે જોડાયેલું છે. દર વર્ષે તેનો અમલ ૧ એપ્રિલથી થાય છે. આનો અર્થ એ થયો કે ટોલ ટેક્સના દર દર વર્ષે ફુગાવા અનુસાર બદલાય છે.ભારતમાં દરરોજ, હજારો અને લાખો લોકો કાર અથવા અન્ય વાહનો દ્વારા મુસાફરી કરે છે અને સારી રસ્તાની સ્થિતિનો લાભ લેવા માટે, તેઓ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અથવા એક્સપ્રેસવેનો ઉપયોગ કરે છે. લોકો પાસેથી અંતર પ્રમાણે ટોલ ટેક્સ વસૂલવામાં આવે છે અને આ પૈસાથી દેશભરમાં વધુ સારી રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે વિવિધ કાર્યો કરવામાં આવે છે. જોકે, ટોલ ટેક્સમાં વધારો કર્યા પછી સરકારને ઘણીવાર ટીકાનો સામનો કરવો પડે છે.

# રાજયમાં માવઠાની આગાહી વચ્ચે ઠેર ઠેર કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત

## રાજકોટ, સુરેન્દ્રનગર સહિત આઠ સ્થળોએ ૪૦થી ૪૨ ડિગ્રી ઉપર તાપમાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજયમાં માવઠાની આગાહી વચ્ચે ઠેર ઠેર કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે અને ગઈકાલે જ રાજકોટ, સુરેન્દ્રનગર સહિત આઠ સ્થળોએ ૪૦થી ૪૨ ડિગ્રી ઉપર તાપમાન નોંધાતા લોકો અકળાયા હતા. ગઈકાલે સુરેન્દ્રનગરમાં ૪૨.૩, રાજકોટમાં ૪૨.૨, કંડલામાં ૪૦, અમદાવાદમાં ૪૦.૮, અમરેલીમાં ૪૦.૯, ભુજમાં ૪૧.૩ તથા ડિસામાં ૪૦.૭, ગાંધીનગરમાં ૪૦.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. જયારે સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા થોડા દિવસોથી ગરમીનો પારો નીચે ગયો હતો. પરંતુ છેલ્લા ૩ દિવસથી સતત ગરમીનો પારો ૪૦ ડીગ્રી ઉપર નોંધાઈ રહ્યો છે. મંગળવારે પણ જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૨.૩ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૨.૮ ડીગ્રી નોંધાયુ હતુ. સુરેન્દ્રનગર જિલ્લામાં ઉનાળાની આકરી શરૂઆત થઈ ગઈ છે. પરંતુ થોડા દિવસોથી લઘુત્તમ અને મહત્તમ તાપમાન ઘટતુ હતુ.રાતના સમયે ફુંકાતા ઠંડા પવનોને લીધે લઘુત્તમ તાપમાન તો ૨૦ ડીગ્રીની નીચે જતુ રહ્યુ હતુ. જયારે મહત્તમ તાપમાન પણ ૪૦ ડીગ્રી નીચે નોંધાતુ હતુ. પરંતુ છેલ્લા ૩ દિવસથી ફરીથી ગરમી પીક ઉપર છે.તા. ૩૦, ૩૧ માર્ચ અને ૧ એપ્રીલના રોજ ગરમીનો પારો ૪૦ ડીગ્રી ઉપર નોંધાઈ રહ્યો છે. જેના લીધે ફરી જનજીવનને અસર થઈ છે. તા. ૩૧ માર્ચના રોજ મહત્તમ તાપમાન ૪૧.૩ ડીગ્રી નોંધાયુ હતુ. જેમાં ૨૪ કલાકમાં ૧ ડીગ્રી




તાપમાન વધીને તા. ૧ એપ્રીલને મંગળવારે ૪૨.૩ ડીગ્રી સુધી પહોંચ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાનમાં પણ વધારો થયો છે. તા. ૩૧ના રોજ ૨૨ ડીગ્રી સામે તા. ૧ ના રોજ ૨૨.૮ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતુ. જયારે જામનગર શહેરમાં મહતમ તાપમાનનો પારો ૩૮.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૧૯.૫ ડિગ્રી નોંધાયું હતું.જયારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૭ ટકા અને પવનની ગતિ પ્રતિક્લાક ૪.૪ કિમિ નોંધાઈ છે. મહતમ તાપમાન વધતા બપોરના સમયે કાળઝાળ ગરમી પડતા સ્વંય કુદરતી કરફ્યુ જેવું શહેરના માર્ગો સુમસામ બને છે.

# પીજીવીસીએલ અને રાજકોટ મહાનગરપાલિકાના તંત્ર વાહકોની લાલીયાવાડીથી આજી નદીની આસપાસના વિસ્તારના લોકો ત્રાહિમામ

પીજીવીસીએલ દ્વારા શટડાઉન અને વારંવાર લાઈટ બંધ કરવાના કારણે લોકો પરેશાનઃ આજી નદીની સફાઈ માત્ર મહાનગરપાલિકાના કાગળ ઉપર જ અને મચ્છરનો અસહ્ય ત્રાસ લોકોને હેરાન કરી રહ્યો છે



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં મહાનગરપાલિકાના અધિકારીઓ અને પદાઅધિકારી ના સબકા સાથ સબકા વિકાસ સૂત્રને પોકળ સાબિત થાય તેવી વર્તમાન સ્થિતિ સર્જાય છે સામા કાંઠે વોર્ડ નંબર ૧૫માં મહાનગરપાલિકાના અધિકારી અને પદ અધિકારીઓ દ્વારા ઓર માયુ વર્તન થઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે

શહેરના સામા કાંઠે વિકાસના નામે માત્ર કાગળ પર જ કાર્યવાહી થઈ રહી હોય તેમ જ આજી નદીની આસપાસ આવેલા વિસ્તારોમાં ગરીબ પ્રજાને તંત્રની લાલિયા વાડી નો સામનો કરવો પડી રહ્યો હોય જેથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે

સામા કાંઠે આજી નદી ની આસપાસના વિસ્તારમાં રહેતા ગરીબ લોકોને મચ્છરનો ત્રાસ તો સહન કરવાની ફરજ તંત્ર વાહકો પાડી રહ્યા છે સાથે સાથે પીજીવીસીએલ ની લાલિયો વાડીનો સામનો કરવાનો વારો આવ્યો છે ભડ ઉનાળામાં વારંવાર લાઈટ જતી રહેતી હોય અને અધિકારીઓ દ્વારા વારંવાર શટ ડાઉન ની પ્રક્રિયા કરવામાં આવતી હોય જેથી અસય્ય ગરમી સહન કરવાનો આ વિસ્તારના લોકોને વારો આવ્યો છે

મહાનગરપાલિકાના તંત્ર વાહકો દ્વારા અવારનવાર આજી નદીની સફાઈ અને મચ્છર ને લગતી કામગીરી કરવામાં આવતી હોય તેવા દાવા પોકળ સાબિત થયા છે આ વિસ્તારમાં મચ્છર નો અસહ્ય ત્રાસ ના કારણે લોકો બીમારીનો ખાટલે પડી જતા હોય છે અને તેમાં પણ વારંવાર લાઈટ ન હોવાના કારણે રાત્રિના સમયે મચ્છરોનો પણ અસહ્ય ત્રાસના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે

## પીજીવીસીએલના શટડાઉનના પગલે ખાનગી મોબાઈલ કંપનીઓ દ્વારા ટાવર ચાલુ રાખવા જનરેટરની વ્યવસ્થા કરાઈ








પીજીવીસીએલ દ્વારા આજે સવારે છ વાગ્યાથી સામાખાંઠાના વિસ્તારોમાં સડાઉન રાખવામાં આવ્યું હોય જેના કારણે સમગ્ર વિસ્તારમાં લાઈટ બંધ કરી દેવામાં આવી હતી અને બપોરના બે વાગ્યા સુધી લાઈટ બંધ રહેશે તે અંગે પેપરમાં જાહેરાત આપવામાં આવી હોય પરંતુ આ વિસ્તારના અભણ અને અજાણ લોકો દ્વારા આ અંગેની કોઈ જાણ ન હોય જેના કારણે તેઓને આજે વહેલી સવારથી જ લાઈટ બંધ થતા મચ્છરનો અસહ્ય ત્રાસ સહન કરવો પડ્યો હતો. બીજી તરફ આ વિસ્તારમાં અનેક મોબાઈલ ટાવરો આવેલા હોય જે ખાનગી કંપનીના હોય અને ખાનગી કંપનીઓને અગાઉથી તંત્ર દ્વારા જાણ કરાયું હોય જેના કારણે તેઓના ગ્રાહકોને કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે અને મોબાઈલ ટાવરમાં કોઈ ખામી ન આવે તે માટે તેઓ સજાગ રહ્યા હતા આજે ખાનગી કંપનીના મોબાઈલ ટાવર આ વિસ્તારમાં બંધ હોય જેના કારણે ગ્રાહકોને મુશ્કેલી પડે તે નિવારવા માટે ખાનગી કંપનીઓ દ્વારા મોબાઈલ ટાવર ચાલુ રાખવા જનરેટરની વ્યવસ્થા કરવામાં આવી હતી

## પ્રજાના પ્રશ્નોને વાચા આપતા પત્રકારોના ફોન ઉપાડવામાં પીજીવીસીએલના અધિકારીઓને આળસ આવી રહી છે

રાજકોટ શહેરમાં સરકારી વિભાગો દ્વારા જાહેર જનતા ના પ્રશ્નો નો ઉકેલ લાવવામાં ન આવતો હોય કે કોઈપણ સરકારી વિભાગ દ્વારા પ્રજાને થતા અન્યાય સામે લડત આપી પોતાની ફરજ નિભાવતા પત્રકારો ને પણ આવા તંત્ર વાહકો ગાંઠતા ન હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે પ્રજાના પ્રશ્નોને વાંચા આપવાના પત્રકારના ધર્મ ને નિભાવતા જાગૃત નાગરિક દ્વારા આજે વહેલી સવારે છ વાગ્યાના અરસામાં પીજીવીસીએલ દ્વારા સામા કાંઠાના વિસ્તારમાં સર્ટડાઉનના કારણે લાઈટ બંધ કરી દેવામાં આવી હોય અને આ અંગે પીજીવીસીએલના ગ્રાહકોને ટેલીફોન દ્વારા મેસેજ કરવામાં આવ્યા હોય પરંતુ સરકારી સિસ્ટમ કાચબાની ગતિએ ચાલતી હોય જેથી આ વિસ્તારના ગરીબ અને અભણ લોકોને ખબર ન પડી હોય અને પીજીવીસીએલ દ્વારા લાઈટ બંધ કરી દેવામાં આવી હોય જેના કારણે વહેલી સવારથી જ લાઈટ બંધ હોય અને બાજુમાં આજી નદી માંથી મચ્છરોનો ત્રાસ લોકોના ઘર સુધી પહોંચ્યો હતો? નાના બાળકો વૃદ્ધ લોકો તથા અન્ય પ્રજાજનો આ મચ્છરના આશ્રય ત્રાસથી ત્રાસી ગયા હતા જ્યારે આ બાબતે આજી સબ ડિવિઝનના કાર્યપાલક ઈજનેર ડેપ્યુટી કાર્યપાલ અને તેઓના કોલ સેન્ટર તથા હેલ્પલાઈન નંબર પર પત્રકાર દ્વારા અનેકવાર ફોન કરવામાં આવ્યા હોય પરંતુ લાલિયા વાડી ચલાવતા તંત્ર વાહકોના પેટનું પાણી પણ ન હલતું હોય તેમ ફોન ઉપાડવામાં આળસ કરી હતી




## પીજીવીસીએલ અને તેના કોલ સેન્ટર વચ્ચે સંકલન નો અભાવ

શહેરના સામા કાંઠે ભાવનગર રોડ પર આસપાસના વિસ્તારોમાં વહેલી સવારથી જ લાઈટ ગુલ થઈ ગઈ હતી જેના કારણે વહેલી સવારથી જ મચ્છરોનો અસહ્ય ત્રાસના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા આ ઘટનાના પગલે આ વિસ્તારમાં રહેતા પત્રકાર દ્વારા પીજીવીસીએલના અધિકારીઓ અને તેઓના કોલ સેન્ટર નો સંપર્ક કરવામાં આવતા આ બંને વચ્ચે સંકલનનો અભાવ હોય તેવું છતું થયું હતું પીજીવીસીએલ દ્વારા આજે સડાઉન વહેલી સવારે છ વાગ્યે કરવામાં આવ્યું હોય જે અંગે કોલ સેન્ટરના સ્ટાફ અજાણ હોય તેવું લાગી રહ્યું હતું કેમકે વહેલી સવારે ફોન દ્વારા કોલ સેન્ટરમાં જાણ કરવામાં આવતા તેઓએ કમ્પ્લેન નોંધી હતી પરંતુ એવું જણાવવામાં ન આવ્યું હતું કે આજે સવારે છ વાગ્યાથી શટ ડાઉન કરવામાં આવ્યું હોય તે અંગે કોલ સેન્ટરનો સ્ટાફ પણ અજાણ હતો જ્યારે બીજી બાજુ આ ઘટનાને પગલે પીજીવીસીએલના આજે સબ ડિવિઝન ના ઈજનેરનો સંપર્ક કરાતા તેઓએ પણ જણાવ્યું હતું કે ફરિયાદ કરી હોય તો કમ્પ્લેન નંબર અમને મેસેજ કરો. આ ઘટના પરથી એ સાબિત થાય છે કે પીજીવીસીએલના અંગે કાર્યપાલક ઈજનેર પણ અજાણ હોય અને તેઓના કોલ સેન્ટરના સ્ટાફ પણ અજાણ હોય તેવું લાગી રહ્યું છે અને બંને વચ્ચેના સંકલનનો અભાવ હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે


## રોગચાળો વકર્યોઃ નવા ૧૬૮૯ કેસઃ ઉલ્ટી બાદ 3 વર્ષની બાળાનું મૃત્યુઃ ઉનાળાના પ્રારંભે મેલેરીયા, ચિકન ગુનિયાનો કેસ



રાજકોટ માં ઉનાળો તપવા લાગ્યો છે અને બે દિવસથી તાપમાન ૪૧ ડિગ્રી આસપાસ રહે છે ત્યારે છેલ્લા અઠવાડિયામાં મેલેરીયા અને ચીકનગુનિયાનો એક–એક નવો એક આવ્યો છે. તો સિઝનલ રોગચાળાના ૧૬૮૯ દર્દીની નોંધ થઇ છે. કમળો અને ટાઇફોઇડના છુટક કેસ પણ આવતા રહે છે. બીજી તરફ આજે મોરબી રોડ પર ત્રણ વર્ષની બાળકીનું ઘરે ઉલ્ટી થયા બાદ મૃત્યુ નિપજયાનું સિવિલ હોસ્પિટલમાં નોંધાયું છે. મોરબી રોડના સોહમનગર–રમાં રહેતા પરિવાર રક્ષિતા ભાવેશભાઈ પરમાર (ઉ.વ.૩)ને ગઈકાલે ઉલ્ટી થવા સબબ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પરંતુ સારવાર પહેલા જ તેનું મૃત્યુ થતા બી ડીવીઝન પોલીસે સ્થળ પર દોડી જઈ પ્રાથમિક તપાસ શરૂ કરી હતી

## ભીલવાસમાં નામચીન બૂટલેગરના ગેરકાયદે મકાન ઉપર બૂલડોઝર ફેરવી દેવાયું

પોલીસે મહાનગરપાલીકા અને વીજતંત્રને સાથે રાખી કરી કાર્યવાહીઃ ગેરકાયદે વીજ કનેકશન દુર કરાયા





**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્ય પોલીસ વડા દ્વારા અવાર-નવાર ગુના આચરતા ગુનેગારોની યાદી તૈયાર કરી આકરી કાર્યવાહી કરવાની સૂચના બાદ રાજ્યભરમાં પોલીસ વિભાગ દ્વારા ગુનેગારો ઉપર કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાજકોટ પોલીસ દ્વારા અગાઉ જંગલેશ્વરમાં કુખ્યાત આરોપી અને જામનગર રોડ પર પોલીસ ઉપર હુમલો કરનાર માજીદ ભાણુના ઘર તોડી પડાયા બાદ ભીલવાસમાં કુખ્યાત બૂટલેગર નજીર ઉર્ફે મુન્નાના ગેરકાયદેસર મકાન ઉપર બૂલડોઝર ફેરવી તોડી પાડવામાં આવ્યું છે.

આ અંગેની મળતી વિગત મુજબ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની સૂચનાથી એસીપી રાધિકા ભારાઈ, પ્રનગર પીઆઈ વી.આર. વસાવા સહિતના સ્ટાફે ભીલવાસમાં શેરી નં.૨માં રહેતા કુખ્યાત બૂટલેગર નજીર ઉર્ફે મુન્ના અલ્લારખા ઠાસરીયા વિરૂધ્ધ શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ૬ જેટલા ગુના નોંધાયા હોય અને તેણે ભીલવાસમાં ગેરકાયદે મકાન બનાવ્યું હોય જેથી પોલીસે મહાનગર પાલીકા અને પીજીવીસીએલના નાયબ ઈજનેર સહિતના અધિકારીઓને સાથે રાખી તપાસ કરતા તેના મકાનમાં ગેરકાયદે વીજ કનેકશન મળી આવતા વીજ જોડાણ કાપી નાંખવામાં આવ્યું હતું. બાદમાં બૂલડોઝરથી ગેરકાયદે દબાણ તોડી પાડવામાં આવ્યું હતું અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## અમરજીતનગરમાં મિલકત મુદ્દે ભાઈ સાથે ચાલતી તકરારમાં યુવકનો આપઘાતનો પ્રયાસ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં એરપોર્ટ રોડ ઉપર આવેલા અમરજીતનગરમાં રહેતા યુવકે મોટોભાઈ મૃતક માતાની નોકરી અને પિતાના અવસાન બાદ મળેલા રૂપિયા ૨૫ લાખમાં ભાગ નહીં આપી ત્રાસ આપતો હોવાના આક્ષેપ સાથે ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ એરપોર્ટ રોડ ઉપર આવેલ અમરજીતનગરમાં રહેતા સંજય છગનભાઈ ચૌહાણ નામનો ૩૫ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે સાંજના સાડા છ વાગ્યાના અરસામાં ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં સંજય ચૌહાણ બે ભાઈ બે બહેનમાં નાનો છે અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. સંજય ચૌહાણની માતાનું અવસાન થતાં આરએમસીમાં તેની માતાની નોકરી તેના ભાઈ ચેતન ચૌહાણને મળી હતી. અને બાદમાં પિતા છગનભાઈ ચૌહાણ એસ.ટી.માં નોકરી કરતા હતાં. તેમનું પણ મૃત્યુ થતાં રૂપિયા ૨૫ લાખ મળ્યા હતાં. જે રૂપિયા પણ નહીં આપી મોટોભાઈ ત્રાસ આપતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## પૂર્વ મામલતદાર કચેરીમાં એક અરજદાર ગરમીથી બેભાન થતા તત્કાલ સિવિલમાં ખસેડાયો

રાજકોટ શહેરમાં આકરી ગરમી શરૂ થતા જ સીટી પ્રાંત અધિકારી-૧ દ્વારા મોકડ્રીલ યોજાઈ







**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં પૂર્વ મામલતદાર કચેરીમાં આવકનો દાખલો કઢાવવા આવેલા અરજદારને હીટસ્ટ્રોક લાગતા બેભાન થઈ ગયા હતા. આથી મામલતદાર દ્વારા તકેદારીના પગલાં લઈને તેને તાત્કાલિક ૧૦૮ મારફત સિવિલ ખસેડવામાં આવ્યા હતા. જો કે, આખરે આ સમગ્ર ઘટના મોકડ્રીલ જાહેર થઈ હતી.

રાજકોટ શહેરની પૂર્વ મામલતદાર કચેરીમાં આવેલા એ.ટી.વી.ટી. સેન્ટરમાં જાવેદભાઈ (ઉ.૪૨) નામના નાગરિક આવકનો દાખલો કઢાવવા આવ્યા હતા. ગરમી વચ્ચે આ અરજદાર અચાનક બેભાન જેવા થઈ ગયા હતા. તેને હિટસ્ટ્રોક લાગ્યાનું જણાતા સિક્યોરિટી ગાર્ડ દ્વારા પૂર્વ મામલતદાર એસ. જે. ચાવડાને જાણ કરવામાં આવી હતી. આથી મામલતદાર તાત્કાલિક દોડી ગયા હતા અને નાગરિકના ચહેરા પર પાણીનો છંટકાવ કર્યો તેમજ સી.પી.આર. પણ આપ્યું હતું. આમ છતાં અરજદારની સ્થિતિ ન સુધરતાં તાત્કાલિક ઈમરજન્સી ૧૦૮ને ફોન કરતાં પાંચ મિનિટમાં જ એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી. એ પછી અરજદારને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા, જ્યાં તેમને તાત્કાલીક સારવાર આપવામાં આવી હતી. જો કે કામગીરી સંપન્ન થયા પછી પૂર્વ મામલતદાર એસ.જે. ચાવડાએ સમગ્ર કામગીરીને મોકડ્રીલ જાહેર કરી હતી. આ સફળ મોકડ્રીલ શહેર–૧ પ્રાંત અધિકારી ચાંદની પરમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.